# મહારાષ્ટ્ર મંત્રાલયમાં ભીષણ આગ

## કરોડોનું નુકસાન : ૧૧ દાઝી ગયા : આગના કારણે ટ્રાફિકને અસર

મુંબઇ,તા. ૨૧

મહારાષ્ટ્રના મંત્રાલયમાં આજે ફાટી નિકળેલી ભીષણ આગના મામલે ઉચ્ચસ્તરીય તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો છે. આ મામલે કોઇ માનવી ખુવારી ન થતા તંત્રને રાહત થઇ છે પરંતુ આગના કારણે કરોડોનું નુકસાન થયું છે. ભીષણ આગના બનાવમાં ૧૧ લોકો દાજી ગયા હતા. ફાયરબ્રિગેડે ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો.આગ પર કાબુ મેળવવામાં આશરે બે કલાકનો સમય લાગ્યો હતો. જો કે આ આગની ઘટના બાદ ટ્રાફિક જામની સ્થિતી સર્જાહિતી. ફાયર બ્રિગેડની ૨૫થી વદારે ગાડીઓ આગ પર કાબુ મેળવવા સક્રિય થઇ ગઇ હતી. આગ બાદ અંદર ફસાયેલા તમામ ૩૦થી







વધારે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કેટલાક લોકોએ જોખમી રીતે બારીમાંથી બહાર નિકળવાના પ્રયાસો કર્યા બહતા.બચાવ કામગારીમાં નેવીના હેલિકોપ્ટરની પણ મદદ લેવામા આવી હતી. દાજી ગયેલા ૧૧ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આગ સૌથી પહેલા મંત્રાલયના ચોથા માળે લાગી હતી. ત્યારબાદ આગ ઝડપથી અન્ય જગ્યાએ ફેલાઇ ગઇ હતી. આ ઈમારતમાં મુખ્યપ્રદાન સહિત અનેક મંત્રીઓની ઓફિસ છે. આગના સમાચાર મળતાની સાથે જ તંત્રમાં ભાગદોડ મચી ગઇ હતી. લોકોમાં પણ ભાગદોડ મચી ગઇ હતી. એવા બિન સત્તાવાર અહેવાલ પણ મળ્યા છે કે આગના કારણે ભારે ચર્ચા જગાવનાર આદર્શ કોંભાડની અનેક ઉપયોગી ફાઇલો પણ નાશ પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોંભાડમાં અનેક પ્રધાનોના નામ પણ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. આગ ફાટી નિકળી ત્યારે કેટલાક લોકો મંત્રાલયની છત પર પણ હતા. દક્ષિણ મુંબઇમાં મંત્રાલય ઈમારતમાં આગ ફાટી નિકળ્યા બાદ મુખ્યપ્રદાન પૃથ્વીરાજ ચોહાણે તપાસનો આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારના આદેશ મુજબ મુંબઇ ક્રાઇમ બ્રાન્ચ આ મામલે તપાસ કરશે. આગ શોર્ટ સર્કિટના કારણે ફાટી નિકળી હતી. આગ ફાટી નિકળી ત્યારે મુખ્યપ્રદાન તેમની ઓફિસમાં ન હતા. નેવી કમાન્ડો અને મરીન કમાન્ડો તેમના ખાસ સાધનો સાથે પહોંચી ગયા હતા. હેલિકોપ્ટરની સેવા પણ લેવામાં આવી હતી. મહારાષ્ટ્ર આદિવાસી બાબતોના પ્રદાનની કેબિનમાંથી આગની શરૂઆત થઇ હતી. બપોરે ત્રણ વાગે આગની જાણ થતા તરત ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

# ભાજપ સંગમાને ટેકો આપવા તૈયાર

નવી દિલ્હી,તા. ૨૧

રાષ્ટ્રપતિની ચૂંટણી લઇને એનડીએમાં વિભાજનની સ્થિતી સ્પષ્ટ પણે દેખાઇ રહી છે. ગુંચવણ ભરી સ્થિતી હોવા છતાં ભાજપે આજે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પીએ સાંગમાંને ટેકો આપવાની જાહેરાત કરી હતી. યુપીએના ઉમેદવાર પ્રણવ મુખર્જી સામે સાંગમાંને મેદાનમાં ઉતારવામાં આવશે શીવસેના અને જેડીયુ જેવા સાથી પક્ષોને મનવવામાં નિષ્ફળ રહેલા ભાજપે દલીલ કરી છે કે મુખ્ય વિરોધ પક્ષ તરીકે તેની કેટલીક ફરજ રહેલી છે. કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રપતિની ચૂંટણી મામલે તેની સાથે કોઇ ચર્ચા કરવામાં આવી નથી. જેથી વિરોધ પક્ષ વોકઓવરની મંજુરી આપશે. પત્રકાર પરિષદમાં આ નિર્ણયની જાહેરાત કરતા ભાજપના નેતા સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલીએ કહ્યું હતું મુખ્ય વિરોધ પક્ષે સરકારને ટેકો આપશે નહીં. સરકાર સત્તામાં રહેવા જુદા જુદા પક્ષોને રોકવાની ઈચ્છા ધરાવે છે. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે ભાજપે સાંગમાંની ઉમેદવારીને ટેકો આપવાનો નિર્ણય કર્યો છે. સાંગમાની ઉમેદવારીને અન્ના દ્રમુક અને બીજેડીએ પણ ટેકો આપ્યો છે. સાંગમાંને દેશના સૌથી સર્વોચ્ચ નેતા તરીકે જણાવીને સુષ્મા સ્વરાજે તેમની ઉમેદવારીને ટેકો આપવા શિવસેના અને જેડીયુને અપીલ કરી છે કે શિવસેના જેડીયુએ



સાંગમાંને ટેકો નહીં આપવાની વાત કરી છે. સ્વરાજ અને જેટલીએ દુઃખ સાથે કહ્યું કે ભાજપ તેના સાથી પક્ષોને મનાવી લેવામાં સફળ રહ્યો નથી. પરંતુ કહ્યું હતું કે અમારા પરીપક્વ ગઠબંધન પર આની કોઇ અસર થશે નહીં. સુષ્મા સ્વરાજે કહ્યું હતું કે શિવસેનાએ અગાઉપણ યુપીએના ઉમેદવાર પ્રતિભા પાટીલને છેલ્લી ચૂંટણીમાં ટેકો આપ્યો હતો. એનડીએ દ્વારા પ્રતિભા પાટીલની ઉમેદવારીનો વિરોધ કરવામાં આવ્યો હતો. શિવસેનાએ અગાઉ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાટિલને ટેકો આપ્યો હતો પરંતુ એનડીએ સાથે તેના સંબંધ આજે પણ ખુબ મજબુત છે. સુષ્મા સ્વરાજ અને જેટલીએ કહ્યું હતું કે ભાજપ તૃણમુલ કોંગ્રેસને સાથે લાવવાના પ્રયાસમાં છે પરંતુ હાલમાં આ અંગે કોઇ નિર્ણય લેવાયો નથી.



સંયુક્ત રાષ્ટ્ર કૉન્ફરન્સમાં 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' વિષયે ચર્ચા કરતાં અગાઉ ભારતના વડાપ્રધાન મનમોહન સિંહ ફ્રાન્સના વડાપ્રધાન ફ્રાન્કોઈસ હોલાન્ડેને મળ્યા હતા.

## સીપીએમ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ગેરહાજર રહે તેવી વકી

નવી દિલ્હી, તા. ૨૧

સીપીએમ પોલિટબ્યુરો રાષ્ટ્રપતિની ચૂટણી દરમિયાન મતદાનથી દૂર રહે તેવા સંકેત મળી રહ્યા છે. અલબત્ત સીપીએમને મતદાનમાં ભાગ લેવા સમજાવવાના પ્રયાસ ચાલી રહ્યા છે. હાલમાં એવા સંકેત મળી રહ્યા છે કે પક્ષ મતદાનથી દૂર રહેશે. પ્રણવ મુખર્જીની તરફેણમાં મત આપવા પક્ષના પશ્ચિમ બંગાળ એકમ તરફથી જોરદાર રજૂઆત કરવામાં આવી રહી છે છતા હજુ સુધી કોઇ નિર્ણય કરવામાં આવ્યો નથી. બંગાળ એકમે દલિલ કરી છે કે રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાષ્ટ્રપતિનો હોદ્દો કોઇ કારોબારી હોદ્દો નથી. બંગાળી લોકોને પ્રણવ મુખર્જીની ઉમેદવારીથી મોટી રાહત થશે. રાષ્ટ્રપતિ ભવનમાં પ્રથમ બંગાળી વ્યક્તિને મોકલવાની તમામ તૈયારી ચાલી રહી છે. બીજીબાજુ તૃણમુલ કોંગ્રેસે હજુ સુધી કોઇ નિર્ણય કર્યો નથી. સીપીએમ દ્વારા અગાઉ કોંગ્રેસના ઉમેદવારને જ ટેકો આપવામાં આવ્યો હતો. જેમાં શંકરદયાલ શર્મા અને કેઆર નારાયણનના ગાળામાં સીપીએમ દ્વારા કોંગ્રેસના ઉમેદવારને જ ટેકો આપવામાં આવ્યો હતો. બીજીબાજુ પક્ષના કેરળ એકમે પ્રણવ મુખર્જીને ટેકો આપવા ઈનકાર કરી દિધો છે. આનો મતલબ એ થયો કે સીપીએમમાં પણ રાષ્ટ્રપતિની ચૂંટણીને લઇને ઉમેદવાર મામલે ખેંચતાણ ચાલી રહી છે. સીપીએમ પોલિટબ્યુરોને આજે મિટિંગ યોજાઇ હતી. સીપીએમએ તેનું વલણ સ્પષ્ટ ન કરતા રાષ્ટ્રપતિની ચૂંટણીને લઇને હજું ગુચવણ પ્રવર્તી રહી છે.

# ઉથલપાથલ વચ્ચે સેનસેક્સ ૧૭૦૦૦થી ઉપર જ રહ્યો

મુંબઇ, તા. ૨૧

શેરબજારમાં આજે કારોબારના અંતે સુધારો થયો હતો. કારોબારના અંતે સેનસેક્સ ૧૩૬ પોઇન્ટ સુધરીને ૧૭૦૩૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફટી ૪૪ પોઇન્ટ સુધી ૫૧૬૫ની સપાટીએ રહ્યો હતો. સેનસેક્સ અને નિફટી ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૭૦૪૨ અને ૫૧૭૦ની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. સેનસેક્સ અને નિફટીમાં આ ઉંચી સપાટીને લઇને એક વખતે આશા જાગી હતી. બીજી બાજુ એશિયન બજારોમાં ગાબડુ જોવા મળ્યું હતું. સ્ટ્રેટ ટાઇમ્સ, હેંગ સેંગ, તાઇવાન, કોસ્પી અનેશંઘાઇમાં૦.૫ટકા ૨ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. યુરોપીયન બજારમાં પણ મિશ્ર સ્થિતી રહી હતી. ઘરઆંગણે કેપિટલ ગુડ્સ, બેન્કેક્ષમાં ૨ ટકાનો સુધારો થયો હતો. એફએમસીજી, ઓટો, મેટલ અને હેલ્થકેરના શેરમાં સુધારો રહ્યો હતો. આ તમામમાં આશરે ૧ ટકાનો સુધારો રહ્યો હતો. જ્યારે કેપિટલ ગુડ્સ કંપાનીના શેરમાં લેવાલી રહી હતી. સરકાર પાવર જનરેશ સાધનો ઉપર પાંચ ટકા આયાત ડ્યુટી લાદી શકે છે તેવા અહેવાલ વચ્ચે કેપિટલ ગુડ્સના શેરમાં સુધારો જોવા મળ્યો હતો. વડાપ્રધાનની કચેરીએ ગઇકાલે ઉર્જા મંત્રાલયને એક નવી દરખાસ્ત મામલે સુચના આપી હતી કે આયાત કરવામાં આવતા પાવર ગીયર પર ઉંચી ડ્યુટી લાદવાની દરખાસ્ત કરવામાં આવી હતી. ભારત હેવી ઇલેટ્રીકલ્સ, લાર્સન એન્ડ ટુબ્રો સહિતની કંપનીના શેરમાં આના લીધે સુધારો જોવા મળ્યો હતો. નીચલી સપાટી પર બેન્કીગ શેરમાં પણ સુધારો થયો હતો. આરબીઆઇએ હાલમાં જ પોલીસી રેટમાં કોઇ ફેરફાર કર્યા ન હતા. સીઆરઆર અને વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા હતા. એચડીએફસી બેંક, એ સબીઆઇ અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં ૧થી ૨.૭ટકાનો સુધારો જોવા મળ્યો હતો. જ્યારે ઈન્ડેક્ષ હેવીવેટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં ૨.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્ષમાં ક્રમશઃ આશરે એક ટકાનો સુધારો થયો હતો. આજે ૧૬૫૮ શેરમાં તેજી અને ૧૦૭૯ શેરમાં મંદી નોંધાઇ હતી. બીએસઇ કેપિટલ ગુડ્સ અને બેન્કેક્ષ ઈન્ડેક્ષમાં ૨ ટકાથી વધુનો સુધાર થતા મુડીરોકાણકારોમાં નવી આશા જાગી હતી. આગામી દિવસોમાં પણ શેરબજારમાં તેજી રહેવાના સંકેત દેખાઇ રહ્યા છે.

## પ્લાન પેનલ નવ ટકાના જીડીપી ગ્રોથ પર મક્કમ

નવી દિલ્હી,તા. ૨૧

હાલમાં પ્રવર્તી રહેલી વૈશ્વિક મંદી અને દેશમાં આર્થિક વિકાસની ગતિ ધીમી પડ્યા બાદ પણ આયોજન પંચે ૧૨મી પંચ વર્ષીય યોજના માટે નવ ટકાના ગ્રોથ ટાર્ગેટમાં કોઇ ફેરફાર કરવાનો ઈન્કાર કરી દીધો છે. આયોજન પંચે કહ્યું છે કે તે નવ ટકાના ગ્રોથ રેટ પર હજુ મક્કમ છે. આયોજન પંચના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે પંચ ૧૨મી યોજના માટેના તેના વાર્ષિક સરેરાશ વિકાસ ટાર્ગેટમાં કોઇ ફેરફાર કરશે નહી. આયોજન પંચના એક વરિષ્ઠ સભ્યે માહિતી આપતા કહ્યું હતું કે પ્રવર્તમાન આર્થિક મંદીના અનુસંધાનમાં ૧૨મી યોજના માટેના તેના ગ્રોથ ટાર્ગેટમાં તે ફેરફાર કરશે તે અંગેના અહેવાલ પાયાવગરના છે. તેમણે એમ પણ કહ્યું હતું કે તે ઉંચા ટાર્ગેટને જાળવી રાખશે. આ સભ્યેએ એમ પણ કહ્યું હતું કે ૧૨મી યોજનામાં આર્થિક વિકાસ દર ૭.૮ ટકાથી આઠ ટકા હાંસલ કરી શકાય છે. પરંતુ પંચે ૧૨મી યોજના માટે નવ ટકાનો ગ્રોથ રેટ નક્કી કરવા સુચન કર્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે ગ્રોથ ટાર્ગેટ હાંસલ કરી શકાય તેવા આંકડા કરતા વધારે રહે છે. પંચે ૧૧મી યોજનામાં નવ ટકાનો ગ્રોથ ટાર્ગેટ નક્કી કરતા તેને લઇને પણ પ્રશ્નો થયા હતા. તાજેતરમાં આર્થિક વિકાસના આંકડા નબળા રહ્યા છે. જેથી એવી અટકળો ચાલી રહી હતી કે વર્તમાન પાંચ વર્ષની યોજના માટે તે તેના ગ્રોથ ટાર્ગેટમાં ઘટાડો કરશે.

## મેમાં દેશમાં ૭.૨૭ મિલિયન જીએસએમ ગ્રાહકો ઉમેરાયા

નવી દિલ્હી, તા. ૨૧

ભારતમાં મોબાઇલ ક્રાંતિ હજુ પણ યથાવત રીતે જારી છે. આ જ કારણસર વિશ્વભરની મોબાઇલ કંપનીઓની નજર ભારત ઉપર કેન્દ્રિત થઇ ગઇ છે. મેં મહિનામાં ભારતમાં જીએસએમ ગ્રાહક નેટવર્કમાં ૧.૦૮ ટકાનો વધારો થયો છે. ભારતના જીએસએમ ક્ષેત્રમાં ૭.૨૭ મિલિયન ગ્રાહકો ઉમેરાઇ ગયા છે. ભારતી એરટેલે ૨.૦૧ મિલિયન કસ્ટમરો ઉમેરી લિધા છે. સેલ્યુલર ઓપરેટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલા નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. દેશમાં જીએસએમ ગ્રાહકોની કુલ સંખ્યા એપ્રિલ મહિનામાં ૬૭૦.૫૭ મિલિયન હતી. જે વધિને હવે ૬૭૭.૮૫ મિલિયન થઇ ગઇ છે. એરટેલ સૌથી વધુ ૧૮૫ મિલિયન ગ્રાહકો ધરાવે છે જ્યારે આઇડ્યા સેલ્યુલર બીજા સ્થાને છે. આઇડ્યા સલ્યુલરે ૧.૮ મિલિયન ગ્રાહકો ઉમેરી લીધા છે. આની સાથે કુલ ગ્રાહક નેટવર્ક ૧૧૬ મિલિયન થઇ ગયું છે. આવી જ રીતે યુનિનોરે ૧.૫ મિલિયન ગ્રાહકો ઉમેરી લિધા છે. જેથી તેની ગ્રાહકોની સંખ્યા ૪૫ મિલિયન સુધી પહોંચી ગઇ છે. આ વર્ષની શરૂઆતમાં સુપ્રિમ કોર્ટ ચુકાદા બાદ તેના તમામ ૨૨ લાયસન્સ રદ કરવામાં આવી ચુક્યા છે. વોડાફોને પણ ૧.૨ મિલિયન યુઝરો ઉમેરી લીધા છે. આની સાથે જ તેના ગ્રાહકોનું નેટવર્ક ૧૫૨ મિલિયન સુધી પહોંચી ગયું છે. એરસેલે ૦.૮ મિલિયન ગ્રાહકો ઉમેરી લિધા છે. આની સાથે જ કુલ ગ્રાહકોની સંખ્યા ૬૪ મિલિયન યુઝર સુધી પહોંચી ગઇ છે. એક અલગ નિવેદનમાં સીડીએમએ કંપની સિસ્ટેમા શ્યામે કહ્યુંછે કે મેં મહિનામાં ૨૫૨૯૯૫ કસ્ટમરો ઉમેરી લેવામાં આવ્યા છે.



આની સાથે તેનું કુલ ગ્રાહક નેટવર્ક ૧૬.૩ મિલિયન સુધી પહોંચી ગયું છે. આ કંપની એમટીએસ બ્રાન્ડ હેઠળ ભારતમાં સક્રિય છે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ સિસ્ટેમા શ્યામે પણ લાયસન્સ ગુમાવ્યા હતા. મોબાઇલ ધારકોની સંખ્યામાં હજુ પણ દિનપ્રતિદિન વધારો થઇ રહ્યો છે. મોબાઇલ કંપનીઓ લોકો સુધી પહોંચવા આકર્ષક યોજાનાઓ રજુ કરી રહી છે.

## જર્મની અને ગ્રીસ વચ્ચે બીજી ક્વાર્ટર ફાઈનલનો તખ્તો તૈયાર

વોર્સો,તા. ૨૧

યૂરો કપ ફુટબોલ ચેમ્પિયનશીપમાં આવતીકાલે ક્વાર્ટર ફાઈનલની બીજી મેચ રમાશે જેમાં જર્મની ગ્રીસ સામે ટકરાશે. જર્મની ગ્રૂપ તબક્કામાં પોતાની તમામ ત્રણેય મેચ જીતી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. જર્મનીએ ત્રણ મેચમાં ત્રણ જીત સાથે ૯ પોઈન્ટ મેળવ્યા હતા. જર્મનીએ ગ્રૂપ ઓફ ડેથ ગણાતા ગ્રૂપ બીમાં તમામ શક્તિશાળી ટીમ પોર્ટુગલ, ડેનમાર્ક અને નેધરલેન્ડ સામે જીત મેળવી હતી. જર્મનીના ફોર્મને જોતા એમ માનવામાં આવી રહ્યું છે કે તે ગ્રીસને પછડાટ આપીને જીત મેળવશે. બીજી બાજુ ગ્રુપ એમાં ગ્રીસની ટીમ બીજા સ્થાને રહી હતી. ગ્રીસે ૪ પોઈન્ટ સાથે ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરવામાં સફળતા મેળવી હતી. ગ્રીસની ટીમ ટ્રીલર સાબિત થઈ શકે છે. રશિયા, પોલેન્ડ જેવી ટીમ સામે ગ્રીસે શાનદાર રમત રમી હતી. ક્વાર્ટર ફાઈનલમાં પહોંચેલી આઠ ટીમોમાં છ ટીમો એવી છે જે પહેલા પણ ટાઈટલ જીતી ચુકી છે. જ્યારે પોર્ટુગલ ઈંગ્લેન્ડ જેવી ટીમ એવી છે જે ટીમે યૂરો કપમાં સફળતા મેળવી નથી. જર્મનીની ટીમ એકમાત્ર એવી ટીમ છે જે એક પણ મેચ હાર્યા વગર ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે.

યૂરો કના રેકોર્ડ ઉપર નજર કરવામાં આવે તો સ્પષ્ટ પણે કહી શકાય છે કે આ વર્ષે સ્પેન અને જર્મની સૌથી ફેવરીટ છે. ક્વાર્ટર ફાઈનલ તબક્કામાં હારનાર ટીમ ઘરભેગી થશે. જેથી આજથી રમાનારી મેચમાં દરેક ટીમને સાવધાની રાખવી પડશે. લીગ રાઉન્ડની ૨૪ મેચોમાં કુલ ૬૦ ગોલ થયા હતા. જેથી પ્રતિ મેચ ૨.૫ ગોલની સરેરાશ રહી છે. યૂરો કપ ૨૦૦૮ અને ફિફા વર્લ્ડકપ ૨૦૧૦ના ગ્રૂપ તબક્કામાં નોંધાયેલા ગોલ કરતા આ વખતની સંખ્યા વધારે છે.

# ચાંદીમાં મોટાપાયે મૂડીરોકાણ કરવા રોકાણકાર ઉત્સુક

નવી દિલ્હી,તા. ૨૧

સોનાની કિંમત ૩૦,૦૦૦ના આંકડાને પાર કરી ગયા બાદ મૂડીરોકાણકારોની નજર હવે ચાંદી ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે. એક મહિના પહેલાં જ ચાંદીની કિંમત પ્રતિ કિલો ૫૨,૦૦૦ રૂપિયાની આસપાસ હતી જે વધીને ગયા સપ્તાહમાં તેજીના લીધે ૫૫૦૦૦ની ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે.

બુલિયન ડિલરોનું કહેવું છે કે ઈન્ડસ્ટ્રીયલ સેક્ટર અને સિક્કાઓ માટે ચાંદીની માંગ વધી જતાં તેમાં તેજી વધી છે. અલબત્ત નિષ્ણાંતોનું કહેવું છે કે સોના-ચાંદીની કિંમતમાં તેજીની સાથે સાથે રૂપિયામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. દેશમાં ચાંદીની માંગ ઉત્પાદનની સરખામણીમાં ખૂબ વધારે છે. જેના પરિણામ સ્વરૂપે ભારતને ચાંદીની આયાત કરવાની ફરજ પડે છે.

મિનરલ એક્સપ્લોરેશન એન્ડ ડેવલપમેન્ટ પર કામ કરનાર એક વર્કીંગ ગ્રૂપમાં અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારત



સૌથી મોટા આયાતકાર દેશ તરીકે અને કન્ઝ્યુમર દેશ તરીકે છે. આના જણાવ્યા મુજબ ભારતમાં ચાંદીની સરેરાશ સ્થાનિક ઉપયોગીતા ૩૦૦૦ ટન વાર્ષિક છે. જીયોજીત કોમટ્રેડના અધિકારી સી પી કૃષ્ણના જણાવ્યા મુજબ ઊંચી આયાત ડ્યૂટી અને રૂપિયાની નબળી સ્થિતિના કારણે વર્ષ ૨૦૧૨માં ચાંદીની આયાત ઘટી શકે છે. આ વર્ષે ૩૫૦૦થી ૪૦૦૦ ટન ચાંદીની આયાત થઈ શકે છે. ગયા વર્ષે ભારતમાં વર્ષ દરમિયાન ૪૮૦૦ ટન ચાંદીની આયાત થઈ હતી. આવી સ્થિતિમાં ઈન્ડસ્ટ્રી અને સિક્કાઓ માટે ચાંદીની માંગની સાથે આયાતમાં ઘટાડો થતાં કિંમતમાં વધારો થઈ શકે છે. આ વર્ષે ૧૭મી મેના દિવસે મુંબઈના બુલિયન બજારમાં ચાંદીની કિંમત ઘટીને ૫૨૧૦૦ રૂપિયા સુધી પહોંચી હતી પરંતુ હાલમાં કિંમત વધીને ૫૫૦૬૦ સુધી પહોંચી ગઈ છે. ૫મી જૂનના દિવસે ચાંદીની કિંમત રેકોર્ડ ૫૬૬૮૦ સુધી પહોંચી હતી. માઈક્રો ઈકોનોમીમાં નકારાત્મક વાતાવરણ અને નબળા મેન્યુફેક્ચરીંગ આંકડાઓના કારણે ચાંદીમાં તેજી જારી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT | BIRLA TYRES Unbeatable!
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT | KisaN | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ